# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) ઉત્તરાખંડમાં જનસભાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, પ્રવાસનને વેગ મળતાં આ દાયકો ઉત્તરાખંડનો હશે.

2) જમ્મુ અને કાશ્મીર મંત્રીમંડળે નવા વેપાર નિયમોને મંજૂરી આપી.

3) રાજસ્થાન અને પંજાબમાં થયેલા અકસ્માતમાં નવ લોકોના મોત.

4) બંધક બનાવાયેલા તમામ લોકોને તાત્કાલિક મુક્ત કરવા અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે હમાસને કડક અલ્ટીમેટમ આપ્યું.

5) મહિલાઓની ક્રિકેટ પ્રીમયર લીગ- WPLમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે લખનઉમાં મૅચ રમાશે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM UTTRAKHAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે એક દિવસના ઉત્તરાખંડના પ્રવાસે છે. મુખવામાં એક જનસભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, "આ દાયકો ઉત્તરાખંડનો દાયકો હશે." શ્રી મોદીએ ઉત્તરાખંડ સરકારના 365 દિવસના વિઝનની પ્રશંસા કરતા કહ્યું, આના કારણે આખું વર્ષ રાજ્યને પ્રવાસનથી રોજગારી મળશે.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, WINTER TOURISM BYTE)

શ્રી મોદીએ ઉદ્યોગ ક્ષેત્રના લોકોને, વિદ્યાર્થીઓને શિયાળાના પ્રવાસ દરમિયાન ઉત્તરાખંડની મુલાકાત લેવા અપીલ કરી હતી.

(બાઈટઃ નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી, BARAHMASI TOURISM BYTE )

શ્રી મોદીએ ઉમેર્યું, કેન્દ્રીય મંત્રીમંડળે કેદારનાથ રોપ-વે પરિયોજના અને હેમકુંડ રોપ-વે પરિયોજનાને મંજૂરી આપી છે. આ રોપ-વે બન્યા બાદ આઠથી નવ કલાકમાં પૂરી થતી યાત્રા હવે અંદાજે 30 મિનિટમાં પૂરી થશે. તેનાથી વરિષ્ઠ નાગરિકો, બાળકો માટે કેદારનાથ યાત્રા સરળ બનશે.

આ પહેલા શ્રી મોદીએ હર્ષિલથી ત્રણ કિલોમીટર દૂર ગંગાના શિયાળું પ્રવાસનસ્થળ મુખવામાં, મા ગંગાની પૂજા-અર્ચના કરી હતી. દરમિયાન ગ્રામજનોએ ઉત્તરાખંડના પરંપરાગત નૃત્યથી પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ શ્રી મોદીએ મુખવામાં ટ્રેક અને બાઈક રેલીને લીલીઝંડી આપી હતી.

# PM -MLC CANDIDATES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશમાં વિધાન પરિષદના સભ્યો-એમ.એલ.સી. ચૂંટણીના વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું, કેન્દ્ર અને આંધ્રપ્રદેશમાં એનડીએ સરકાર રાજ્યના લોકોની સેવા કરતી રહેશે અને રાજ્યની વિકાસ યાત્રાને નવી ઊંચાઈએ લઈ જશે.

# VP-MUMBAI VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે મહારાષ્ટ્રના મુંબઈના એક દિવસના પ્રવાસે છે. શ્રી ધનખડ મુંબઈના રોયલ ઓપેરા હાઉસ ખાતે મુરલી દેવરા મેમોરિયલ ડાયલોગના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્યઅતિથિ તરીકે ઉપસ્થિત રહશે.

# J&K:CABINET

જમ્મુ અને કાશ્મીરમાં, ઓમર અબ્દુલ્લા સરકારની રચનાના લગભગ સાડા ચાર મહિના પછી, મંત્રીમંડળે ગઇકાલે જમ્મુ અને કાશ્મીર માટે વેપાર નિયમોને મંજૂરી આપી હતી, જે હવે ઉપ-રાજ્યપાલ મનોજ સિન્હાને મંજૂરી માટે મોકલવામાં આવશે.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, સરકારની ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા નિયમોને અંતિમ સ્વરૂપ અપાયું હતું. ગઈકાલે રાત્રે મુખ્યમંત્રીના નિવાસસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી, જેથી જમ્મુ અને કાશ્મીર માટેના વેપાર નિયમોમાં સુધારાને મંજૂરી આપવામાં આવે, જેની સાડા ચાર મહિનાથી વધુ સમયથી રાહ જોવાઈ રહી હતી.

5 ઓગસ્ટ, 2019 ના રોજ જમ્મુ અને કાશ્મીર રાજ્યમાંથી કેન્દ્રશાસિત પ્રદેશમાં ફેરવાઈ ગયું હોવાથી વેપાર નિયમોમાં સુધારા જરૂરી બન્યા હતા

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ACCIDENT

રાજસ્થાન અને પંજાબમાં અલગ અલગ અકસ્માતમાં નવ લોકોના મોત નિપજ્યા છે.

આજે સવારે સિરોહી જિલ્લાના આબુ રોડ સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 27 પર કિવરલી નજીક એક માર્ગ અકસ્માતમાં જાલોરના એક પરિવારના છ સભ્યોના મોત થયા. એક મહિલાને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમને સિરોહીની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. અમદાવાદથી જાલોર જતી એક કાર અને ટ્રેલર વચ્ચે અકસ્માત થયો હતો.

અન્ય એક ઘટનામાં પંજાબમાં, ગઈકાલે મોડી રાત્રે બટાલામાં બે કાર અને ટ્રેક્ટર-ટ્રોલી વચ્ચે થયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે અને પાંચ લોકો ઇજાગ્રસ્ત થયા છે. મૃત્યુ પામેલાઓમાં એક ટ્રેક્ટર ડ્રાઈવર અને બે મુસાફરોનો સમાવેશ થાય છે.

# US – HAMAS

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને કડક અલ્ટીમેટમ આપ્યું છે, જેમાં ગાઝામાં બંધક બનેલા તમામ લોકોને તાત્કાલિક મુક્ત કરવાની અને માર્યા ગયેલા લોકોના મૃતદેહ પરત કરવાની માગણી કરવામાં આવી છે.

વ્હાઇટ હાઉસે આતંકવાદી જૂથ સાથે સીધી વાટાઘાટો શરૂ કરી હોવાની પુષ્ટિ કર્યાના થોડા કલાકો પછી ચેતવણી અપાઇ છે. તેમણે હમાસને ખતમ કરવા ઇઝરાયલને જરૂરી સહાય પૂરું પાડવાનું વચન આપ્યું હતું.  શ્રી ટ્રમ્પે ચેતવણી આપી કે, જો બંધકોને મુક્ત કરવામાં નહીં આવે તો હમાસનો એક પણ સભ્ય સલામત નહીં રહે.

# TRUMP-CANADA TARIFF HIKE

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોને ટેરિફમાં વધારો ટાળવા લેવાયેલા પગલાંને અપૂરતા ગણાવ્યાં હતાં.

કેનેડા અને મેક્સિકોથી અમેરિકામાં આવતા ઉત્પાદનો પર 25 ટકાનો ટેરિફ, નિર્ધારિત સમયપત્રક મુજબ ચાર માર્ચથી અમલમાં આવ્યો હતો, અને ચીનથી આયાત પર 20 ટકાનો ટેરિફ લદાયો હતો. શ્રી ટ્રમ્પે ગેરકાયદેસર અમેરિકામાં પ્રવેશ માટે કેનેડા અને મેક્સિકોને દોષી ઠેરવ્યા હતા.

# US-STUDENT SHOT DEAD

અમેરિકામાં, તેલંગાણાના 27 વર્ષના વિદ્યાર્થીની વિસ્કોન્સિનના મિલવૌકીમાં અજાણ્યા લોકોએ ગોળી મારીને હત્યા કરી હતી. રંગારેડ્ડી જિલ્લાના શાદનગર મતવિસ્તારના કેશમ્પેટ મંડળના વતની પ્રવીણ, અભ્યાસની સાથે પાર્ટ-ટાઇમ નોકરી કરતાં હતા. આ દુ:ખદ ઘટનાથી તેમના પરિવારને ખૂબ જ આઘાત લાગ્યો છે. તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું કે, હત્યાનું કારણ અને સંજોગોની સ્પષ્ટ જાણાકારી મળી નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# WPL MATCH

મહિલાઓની ક્રિકેટ પ્રીમયર લીગ- W.P.L.ની 16મી મૅચ આજે મુંબઈ ઇન્ડિયન્સ અને યુપી વૉરિયર્ઝ વચ્ચે રમાશે.

ઉત્તરપ્રદેશના લખનઉના ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. યુપી વૉરિયર્સની ટીમ દીપ્તિ શર્મા અને મુંબઈ ઇન્ડિયન્સની ટીમ હરમનપ્રીત કૌરનાં સુકાની હેઠળ મેદાનમાં ઉતરશે.

# ISL FOOTBALL

ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં, આજે હૈદરાબાદ એફસીની ટીમ પંજાબ એફસી સામે રમશે. હૈદરાબાદના ગાચીબોવલી સ્ટેડિયમમાં રમાનારી આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ઇન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં, ઓડિશા FCએ ગઈકાલે જેઆરડી ટાટા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જમશેદપુર FCને 3-2થી હરાવ્યું હતું.

# PARA GAMES

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જાહેરાત કરી કે, ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સ 2025 આ મહિનાની 20 થી 27 તારીખ દરમિયાન નવી દિલ્હીમાં યોજાશે. આ ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સનું બીજું સંસ્કરણ હશે. ઘણા આંતર-રાષ્ટ્રીય પેરા- એથ્લીટસ રમતમાં જોવા મળશે. રમતો દરમિયાન લગભગ એક હજાર 230 પેરા એથ્લેટ્સ છ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

## JAISHANKAR - SECURITY BREACH

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની લંડન પ્રવાસ દરમિયાન અલગતાવાદીઓ અને ઉગ્રવાદીઓ દ્વારા કરાયેલા સુરક્ષા ભંગની ભારતે ટીકા કરી છે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં તેને અલગતાવાદીઓ અને ઉગ્રવાદીઓના નાના જૂથની ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ ગણાવી છે. તેમાં કહેવામાં આવ્યું કે, ભારતે આ કૃત્યોની ટીકા કરી છે. તેમાં ઉમેર્યું કે, તેઓ અપેક્ષા રાખે છે કે આવા કિસ્સાઓમાં યજમાન સરકાર તેમની રાજદ્વારી જવાબદારીઓનું સંપૂર્ણ પાલન કરશે.